## એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૯/૭/'૦૮ નાં રોજ ૩:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તા.૧૯/૭/'૦૮ નાં રોજ બપોરે ૩:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હોલમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રીના અનુમોદનથી સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>સદસ્યશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| ડૉ. એચ.કે. કાકરાની,<br>આચાર્યશ્રી, તોલાણી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, આદિપુર. | હાજર |
| શ્રી પી.એમ. ભટ્ટ,<br>આચાર્યશ્રી, જે.બી. ઠક્કર કોમર્સ કોલેજ, ભૂજ. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેક્ટરશ્રી, અંજાર એજ્યુકેશન સોસાયટી, અંજાર | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., ભૂજ. | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>મેમ્બર સેક્રેટરી | હાજર |

૧. ગત્ મિનિટ્સનું વાંચન અને બહાલી :

ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધને બહાલી આપવામાં આવેલ.

૨. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સિટીટયુટ, સાપેડાને BBA\ BCA માં શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ થી પ્રથમ વર્ષમાં ૨૦૦૭–૦૮ માં આપેલ વર્ગ વધારાની મંજૂરી બંધ પાડવા માનનીય કુલપતિશ્રીએ લીધેલ નિર્ણયને બહાલી આપવા બાબતઃ

માનનીય કુલપતિશ્રીએ સંસ્થા દ્વારા યુનિવર્સિટીના નીતી નિયમોનું પાલન થતું ન હોવાથી ગતવર્ષથી શરૂ કરવા આપેલ એક વધારાનો વર્ગ (પ્રથમ વર્ષ BBA તથા BCA) બંધ કરવાનો નિર્ણય લીધેલ જેને બહાલી આપવા સભામાં લાંબી ચર્ચા વિચારણા થઈ અને સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવેલ છે.

ઠરાવ નં.:– ૧ આથી ઠરાવવામાં આવે છે કે કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સિટીટયુટ, સાપેડામાં ચાલતા BBA\ BCA અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓના હિત ખાતર વર્ગ વધારો ચાલુ રાખવામાં આવે છે.

સંસ્થાએ વર્કલોડ આધારિત જે અધ્યાપકશ્રીઓની ઘટ પ્રર્વતતી રહી છે તેટલા અધ્યાપકશ્રીઓની જાહેરાત આપીને ૧૫ દિનની અંદર તેમની ઈન્ટરવ્યુ કાર્યવાહી પૂરી કરવાની રહેશે. ઈન્ટરવ્યુ યુનિવર્સિટી કાર્યાલયે રાખવાના રહેશે.

સંસ્થા પાસેથી તપાસ સમિતિની ભલામણ અનુસાર માંગવામાં આવેલ ફી રિસિપ્ટો, ડોનેશન રિસિપ્ટો તેમજ વર્ષ ૨૦૦૬–૦૭ થી આજદિન સુધીના કોલેજોના હિસાબો સંસ્થાએ રજૂ કરવાના રહેશે.

સંસ્થાએ યુનિવર્સિટીની જોડાણની શરતો તેમજ નીતિનિયમોનું પાલન કરવાનું રહેશે. સંસ્થા જો આ વર્ષે યુનિવર્સિટીના નિયમોનું પાલન કરવામાં ચૂક કરશે તો આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી આપવામાં આવેલ વર્ગવધારો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવશે તથા રાજય સરકારશ્રીને જોડાણની ભલામણ કરવી કે નહીં તે બાબતે નિર્ણય લેવામાં આવશે.

સંસ્થાના હિસાબો તેમજ જોડાણની શરતોનું પરિપાલન સંસ્થા દ્વારા થાય છે કે નહીં તે જોવા નીચે મુજબની સમિતિ રહેશે.

<u>સમિતિના સભ્યશ્રીઓ :</u>

૧. શ્રી મુકેશભાઈ ઝવેરી (અધ્યક્ષશ્રી)
૨. શ્રી ચિન્મોય બેનર્જી
૩. શ્રી અનિરૂધ્ધભાઈ દવે
૪. યુનિવર્સિટી દ્વારા નિયુકત ચાર્ટડ એકાઉન્ટન્ટ

૩. તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, આદિપુર મુકામે એમ.એ. હિન્દી અભ્યાસક્રમ શરૂ કરવા બાબતઃ

તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, આદિપુરની એમ.એ. હિન્દી શરૂ કરવા બાબતે એલ.આઈ.સી. સમિતિનો ભલામણનો રિપોર્ટ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ. જેના ઉપર ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવેલ.

ઠરાવ નં.:– ૨ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, આદિપુરને એમ.એ. હિન્દી "સ્વનિર્ભર" ધોરણે શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ થી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવે છે. સ્વનિર્ભર ધોરણે આ અભ્યાસક્રમ ચલાવવા માટે વિદ્યાર્થી પાસેથી લેવાની થતી ફી યુનિવર્સિટી દ્વારા નક્કી કરી આપવામાં આવશે. આ ફી નક્કી કરવા માટે નીચેના બે સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ.

ફી સમિતિ :

૧. શ્રી પી.એમ. ભટ્ટ (અધ્યક્ષ)
૨. શ્રી અનિલ ગોર, કુલસચિવ (સભ્ય)

આ ફી સમિતિને ફી–રીવાઈઝડ કરવાના સંપૂર્ણ પાવર્સ આપવામાં આવે છે.

## ૪. તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર ખાતે એમ.ફીલ. અભ્યાસક્રમ શરૂ કરવા બાબત :

તોલાણી કોમર્સ કોલેજ, આદિપુરે એમ.ફીલ. સ્વનિર્ભર ધોરણે શરૂ કરવા લખેલ પત્રના અનુસંધાને ચર્ચા વિચારણા હાથ ધરાયેલ અને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવેલ.

ઠરાવ નં.:– ૩ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે પ્રથમ તો તોલાણી કોમર્સ કોલેજ/ મેનેજમેન્ટે નિયત નમુનામાં યુનિવર્સિટીને અરજી કરવાની રહે. તેના પર યુનિવર્સિટી નિયમ અનુસારની કાર્યવાહી હાથ ધરે. સંસ્થાની અરજી યુનિવર્સિટીને મળ્યા બાદ આગામી શૈક્ષણિક વર્ષ માટે વિચારણા હેઠળ લઈ શકાશે.

## ૫. યુનિવર્સિટી લાયબ્રેરી સમિતિ :–

યુનિવર્સિટી લાયબ્રેરીને વધુ સમૃધ્ધ બનાવવા ચર્ચા વિચારણા થયેલ અને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવેલ છે.

ઠરાવ નં.:– ૪ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે યુનિવર્સિટી લાયબ્રેરીને વધુ સમૃધ્ધ બનાવવા નીચેના સભ્યોની લાયબ્રેરી એડવાઈઝરી સમિતિ બનાવવામાં આવે છે.

<u>લાયબ્રેરી એડવાઈઝરી સમિતિ :–</u>

૧. માનનીય કુલપતિશ્રી, હોદ્દાની રૂએ અધ્યક્ષ
૨. શ્રી મુકેશભાઈ ઝવેરી (સભ્ય)
૩. જે તે વિભાગના ડીનશ્રીઓ (સભ્ય)
૪. યુનિવર્સિટી લાયબ્રેરીયન (સભ્ય)
૫. C.A.O. અથવા તેમની સમકક્ષ એકાઉન્ટ વિભાગના પ્રતિનિધિ (સભ્ય)
૬. કુલસચિવશ્રી

આ સમિતિને પુસ્તકો વગેરેની ખરીદી પ્રક્રિયાની તમામ સત્તા આપવામાં આવે છે.

## ૬. યુનિવર્સિટી વહિવટી ભવન તેમજ અનુસ્નાતક ભવનમાં નોન–ટીચીંગ સ્ટાફની સંખ્યા વધારવા બાબતઃ

ઠરાવ નં.:– ૫ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે હાલ યુનિવર્સિટીમાં જે વહિવટી સ્ટાફ કાર્યરત છે તે અપૂરતો છે. યુનિવર્સિટીની વધતી જતી કાર્યવાહીને ધ્યાને લઈએ તો નીચે મુજબનો સ્ટાફ હંગામી ધોરણે, ફીકસ પગારે નિમવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | વિભાગ | હાલ કાર્યરત સ્ટાફ (જુ. કર્લાક) | વધુ આવશ્યકતા (જુ. કર્લાક) |
|---|---|---|---|
| ૧. | પરીક્ષા વિભાગ | ૩ | ૩ |
| ૨. | વિદ્યાર્થી શાખા | ૨ | ૨ |
| ૩. | જોડાણ વિભાગ | ૧ | ૧ |
| ૪. | એકાઉન્ટ વિભાગ | ૩ | ૨ |
| ૫. | અનુસ્નાતક ભવનો | – | ૪ |
| | | – | ૨ (લેબ.આસી.) |
| | | – | ૮ (પટ્ટાવાળા) |
| ૬. | અધિકામંડળોની કાર્યવાહી બાબતે | – | ૨ |
| ૭. | ગેસ્ટ હાઉસ | – | ૧ –કલાર્ક<br>૧– અટેન્ડન્ટ<br>૧– પ્યુન |
| ૮. | ડેપ્યુટી રજીસ્ટ્રાર સમકક્ષ | | ૧ |
| ૯. | આસી. રજીસ્ટ્રાર સમકક્ષ | | ૧ |

આ જગ્યાઓ ભરવા જાહેરાત આપી નિયત પ્રક્રિયા હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવી.

અધ્યક્ષ સ્થાનેથી નીચે મુજબના મુદાઓ રજૂ કરવામાં આવેલ.

૧. **યુનિવર્સિટી દ્વારા જયારે કોઈ મોટા જાહેર કાર્યક્રમોનું આયોજન હાથ ધરાય ત્યારે કાર્યક્રમની રૂપરેખા નકકી કરવા બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય :**

જાહેર મોટા કાર્યક્રમોનું આયોજન યુનિવર્સિટી દ્વારા હાથ ધરાય ત્યારે નીચે મુજબનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો.

ઠરાવ નં.:– ૬ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કોઈ મોટા જાહેર કાર્યક્રમોનું આયોજન હાથ ધરવાનું થાય ત્યારે તેની ચર્ચા વિચારણા આ સભા સમક્ષ મુકવામાં આવે અને સભામાં કાર્યક્રમની રૂપરેખા નકકી કરવામાં આવે.

૨. **તોલાણી ઈન્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ (TIMS) આદિપુરની PGDBM ની પદવીને M.B.A. સમકક્ષ ગણવા બાબત :**

આ સભાની તા. ૧૫/૫/'૦૮ નાં રોજ મળેલ સભામાં આ મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરાયેલ. યુનિવર્સિટી દ્વારા A.I.C.T.E. ને PGDBM અને M.B.A. ની ઉપાધીની સમકક્ષતા માટેનું માર્ગદર્શન આપવા પત્ર લખાયેલ છે. આ સમકક્ષતા માટે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.:– ૭ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીએ TIMS, આદિપુર દ્વારા ચલાવાતા PGDBM ના અભ્યાસક્રમને M.B.A. સમકક્ષતા આપેલ છે

ત્યારે આ યુનિવર્સિટી પણ TIMS ના PGDBM ને M.B.A. સમકક્ષ અભ્યાસક્રમ તરીકે માન્ય રાખે છે.

૩. **યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અધ્યાપકશ્રીઓની કે અન્યના ઈન્ટરવ્યુ યોજાય તેમાં એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મુકવા :**

સભામાં ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવેલ.

ઠરાવ નં.:– ૮ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અધ્યાપકશ્રીઓના કે અન્ય ઈન્ટરવ્યુ યોજાય ત્યારે એક્ઝિક્યુટીવ કાઉન્સિલના એક સભ્યશ્રીને પ્રતિનિધિ તરીકે ઈન્ટરવ્યુ સમિતિ પર મુકવા.

૪. **સંસ્કાર સ્કૂલ એન્ડ કોલેજ, ભૂજનો BCA માટેના વર્ગ વધારાની આવેલ માંગણી બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય :**

ઉપર્યુકત વિષયે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ નં.:– ૯ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે સંસ્કાર સ્કુલ એન્ડ કોલેજ, ભૂજ દ્વારા પ્રથમ વર્ષ BCA માટેના વર્ગ વધારાની આવેલ દરખાસ્તને વિદ્યાર્થીઓના ધસારાને ધ્યાને લઈને શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ માટે જરૂરી સ્ટાફ નિમવાની શરતે તથા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.

૫. **BBA\ BCA પ્રથમ વર્ષની પ્રવેશ કાર્યવાહી દરમ્યાન જે વિદ્યાર્થીઓએ ધોરણ–૧૨ માં અંગ્રેજી વિષય રાખેલ ન હોય તેવા વિદ્યાર્થીઓને BBA\ BCA અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા બાબત ચર્ચા વિચારણા અને નિર્ણય :**

BBA\ BCA એ અંગ્રેજી માધ્યમમાં ચલાવાતા અભ્યાસક્રમો છે ત્યારે જે વિદ્યાર્થીઓએ ધોરણ–૧૨માં અંગ્રેજી વિષય રાખેલ નથી તેમણે પણ આ કોલેજોમાં પ્રવેશ મેળવવા અરજી કરેલ છે, ત્યારે આવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો કે નહી તે બાબતે ચર્ચા વિચારણા થયેલ અને નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ.

ઠરાવ નં.:– ૧૦ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે અંગ્રેજી માધ્યમના આ અભ્યાસક્રમ માટે ધોરણ–૧૨ અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તે વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ બનાવી સૌ પ્રથમ આવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો. ત્યાર બાદ સંબંધિત કોલેજોમાં ખાલી રહી જવા પામેલ જગ્યાઓ ઉપર અંગ્રેજી વિષય સિવાયના વિષયમાં ધોરણ–૧૨ પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને મેરિટ આધારિત પ્રવેશ આપવો.

૬. **"સ્વર્ણિમ ગુજરાત" – ગુજરાત રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષની સુવર્ણ જયંતી ઉજવણીમાં રાજ્ય સરકાર દ્વારા આયોજિત સ્પર્ધાઓમાં કોલેજોના વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે બાબતે ચર્ચા વિચારણા :**

ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની સુવર્ણ જયંતી ઉજવણીના રાજ્ય સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃ સજઉ/ ૪૨૮૦૦/ ૧૮૬ તા.૧૬/૬/'૦૮ માં જણાવાયેલ કાર્યવાહી હાથ ધરવા ચર્ચા વિચારણા હાથ ધરાયેલ અને નીચે મુજબ નિર્ણય લેવામાં આવેલ.

ઠરાવ નં.:– ૧૧ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજયના સ્થાપના દિનની સુવર્ણ જયંતી ઉજવણીના ભાગરૂપે રાજય સરકારશ્રીના ઠરાવમાં દર્શાવાયેલ સ્પર્ધાઓમાં યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના વિદ્યાર્થીઓ તથા સંલગ્ન કોલેજોનાં વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ભાગ લે તે માટેના આયોજન હાથ ધરવા.

૭. તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, આદિપુર તથા યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે ઈન્ડીયન મેથેમેટીકલ સોસાયટીનો ત્રિ–દીવસીય સેમિનાર આદિપુર મુકામે ગોઠવવા બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય :

તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, આદિપુર તરફથી યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે ઈન્ડીયન મેથેમેટીકલ સોસાયટીનો નેશનલ લેવલનો ત્રિ–દિવસીય વર્કશોપ/ સેમિનાર આદિપુર મુકામે ગોઠવવા બાબતે દરખાસ્ત અત્રે આવેલ છે તે બાબતે ચર્ચા વિચારણા થયેલ અને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ નં.:– ૧૨ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે ઈન્ડીયન મેથેમેટીકલ સોસાયટીનો ત્રિ–દીવસીય વર્કશોપ/સેમિનાર તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ તથા યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે યોજાય તે માટેની મંજૂરી આપવામાં આવે છે, સાથો સાથ કોલેજ તરફથી આવેલ દરખાસ્ત અનુસાર રૂા.૫૦,૦૦૦/– (પચાર હજાર) ની મર્યાદામાં યુનિવર્સિટી કોલેજને ખર્ચ પેટે રકમ ફાળવી શકશે. જેના હિસાબ અને આધારો કોલેજે યુનિવર્સિટીને આપવાના રહેશે.

૮. જી.એમ.ડી.સી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નખત્રાણાના યુનિવર્સિટીના જમા ફંડમાંથી રાજય સરકારશ્રીના નિયમઅનુસાર ડિપોઝીટ યુનિવર્સિટીમાં જમા રાખી બાકી રકમ પરત કરવા બાબત :

સભ્યશ્રી મુકેશભાઈ ઝવેરી તરફથી જી.એમ.ડી.સી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નખત્રાણાના ગુજરાત યુનિવર્સિટીમાંથી જે જમા રકમ આ યુનિવર્સિટીમાં ટ્રાન્સફર થયેલ છે જે અંદાજે રૂા.૩૩–લાખ જેટલી થવા જાય છે. પરિણામે રાજય સરકારશ્રીના નિયમ મુજબ જે રકમ યુનિવર્સિટીમાં જમા રાખવાની થતી હોય તે રકમ રાખીને વધતી રકમ મેનેજમેન્ટને પરત કરવામાં આવે તેવી રજૂઆતને ઘ્યાને લઈ નીચે મુજબનો નિર્ણય કરવામાં આવ્યો.

ઠરાવ નં.:– ૧૩ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે જી.એમ.ડી.સી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નખત્રાણાની યુનિવર્સિટીમાં રહેલ જમા ડિપોઝીટ પૈકી રાજય સરકારશ્રીના ૨૦૦૧ ના ઠરાવ મુજબની રકમ યુનિવર્સિટીમાં જમા રાખી બાકીની રકમ મેનેજમેન્ટને નિયમાનુસાર પરત કરવી.

૯. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત P.G.D.C.A. તથા P.G.D.B.A. અભ્યાસક્રમો શરૂ કરવાની મંજૂરી દેવા બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય :

સંસ્થાએ શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ થી P.G.D.C.A. તથા P.G.D.B.A. શરૂ કરવા નિયત નમૂનામાં, નિયત ફી ભરીને યુનિવર્સિટીમાં અરજી કરેલ જેના આધારે L.I.C. અને ઈવનીગ કોર્ષ શરૂ કરવાની પણ ભલામણ કરેલ.

સંસ્થાની અરજીના સંબંધે રહેલ કવેરીના અનુસંધાને પત્રવ્યવહાર ચાલે છે. સંસ્થાની અન્ય સંલગ્ન કોલેજ BBA\ BCA માં અધૂરાશો ધ્યાને આવેલ છે ત્યારે તેમનેP.G.D.C.A. તથા P.G.D.B.A. શરૂ કરવા [illegible]ા માટે ચર્ચા વિચારણા થયેલ અને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

---

ઠરાવ નં.:– ૧૪ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે કર્મનિકેતન ટ્રસ્ટ, ગાંધીધામ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટીટયુટ, સાપેડામાં ચાલતા અભ્યાસક્રમો બાબતેની ત્રુટીઓ તથા યુનિવર્સિટી દ્વારા માંગવામાં આવેલ વિગતો, ફી તથા ડોનેશનની રસીદો વગેરે રજૂ કરે નહીં ત્યાં સુધી અને આ બાબતે તા.૧[illegible]/૭/'૦૮ નાં રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ ૧ માં દર્શાવાયેલ સમિતિ દ્વારા કોઈ નિર્ણય લેવાય નહીં ત્યાં સુધી આ સંસ્થાને P.G.D.C.A. તથા P.G.D.B.A. અભ્યાસક્રમો માટે રાજ્ય સરકારશ્રીને સૈદ્ધાંતિક પૂર્વમંજૂરી માટે ભલામણ કરવી નહીં.

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીનો આભા[illegible]ાની મિટીગ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

---

---